**<u>કિડની/હૃદય/કેન્સર/લીવરના રોગની સારવાર/ઓપરેશનના ખર્ચને પહોંચી વળવા માટે માન. મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી સહાય માટે નીચેના કાગળો રજૂ કરવાના હોય છે.</u>**

(૧) **અરજીઃ** માન. મુખ્યમંત્રીશ્રીને સંબોધન કરતી સહાય માટેની અરજી. (આપે કરેલ અરજીમાં સહી નથી.)

(૨) **કેસપેપર્સઃ** હોસ્પિટલના ઓ.પી.ડી. કેસ પેપર્સ તથા તબીબી કેસનું રેકર્ડ/વૈદકીય નોંધ પત્રિકાની સંપૂર્ણ **<u>ઝેરોક્ષ નકલ.</u>**

(૩) **ખર્ચનો અંદાજઃ** હોસ્પિટલએ આપેલ સારવાર/ઓપરેશન ખર્ચનો અંદાજ **<u>અસલમાં</u>** રજૂ કરવો.

**<u>હૃદયના ઓપરેશન માટે માન્ય હોસ્પિટલઃ</u>**

[૧] યુ. એન. મહેતા ઇન્સ્ટિટયુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ-૩૮૦ ૦૧૬

[૨] શેઠ વાડીલાલ સારાભાઇ જનરલ હોસ્પિટલ, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

[૩] ધરમસિંહ દેસાઇ મેમોરીયલ મેથોડીસ્ટ ઇન્સ્ટિટયુટ ઓફ કાર્ડિયોલોજી, મીશન રોડ, નડિયાદ-૩૮૭ ૦૦૨

[૪] શ્રી બી. ડી. મહેતા મહાવીર હાર્ટ ઇન્સ્ટિટયુટ, શ્રી મહાવીર હેલ્થ કેમ્પસ, અઠવાગેટ, રીંગ રોડ, સુરત-૩૯૫ ૦૦૧

[૫] ઇ.એમ.ચેરીટેબલ સંચાલિત પી.પી.સવાણી હાર્ટ ઇન્સ્ટીટયુટ, પ્લોટ નં. ૧ થી ૮, સિધ્ધકુટીર ઇન્ડ એસ્ટેટ, ચોથો માળ, સિધ્ધકુટીર મંદિરની બાજુમાં, વરાછા ફાયર બ્રિગેડની સામે, વરાછા રોડ, સૂરત-૬

**<u>કિડની ટ્રાન્સ્પ્લાન્ટ માટે માન્ય હોસ્પિટલઃ</u>**

[૧] ઇન્સ્ટિટયુટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ-૩૮૦ ૦૧૬

[૨] મૂળજીભાઇ પટેલ યુરોલોજીકલ હોસ્પિટલ, ડૉ. વીરેન્દ્ર દેસાઇ રોડ, નડિયાદ-૩૮૭ ૦૦૧

**<u>કેન્સર રોગની સારવાર માટે માન્ય હોસ્પિટલઃ</u>**

[૧] ધી ગુજરાત કેન્સર રીસર્ચ ઇન્સ્ટિટયુટ(એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ),સીવીલ હોસ્પિટલ કેમ્પસ,અસારવા, અમદાવાદ-૧૬

[૨] રાજકોટ કેન્સર સોસાયટી શ્રી નાથાલાલ પારેખ કેન્સર ઇન્સ્ટિટયુટ, ૧, તિરૂપતી નગર, નિર્મલા કોન્વન્ટની સામે, રાજકોટ-૦૭

(૪) **ડૉકટરનું પ્રમાણપત્રઃ** હોસ્પિટલમાં ઓપરેશન કરવાનું બાકી છે તે મુજબનું સંબંધિત ડૉકટરનું પ્રમાણપત્ર **<u>અસલમાં</u>** રજૂ કરવું.

નોંધઃ (૧) ઓપરેશન થઇ ગયેલ હોય કે (૨ ) સહાય મંજૂર થયા પહેલાં ઓપરેશન કરાવવમાં આવેલ હોય તેવા કેસોમાં વિચારણા કરવામાં આવશે નહીં.

(૫) **રેશનકાર્ડઃ** રેશનકાર્ડની સહી/સિકકા સાથેની **<u>પ્રમાણિત નકલ.</u>**

(૬) **આવકનો દાખલોઃ** આપના કુટુંબની વાર્ષિક આવક અંગે સંબંધિત મામલતદારશ્રીનો આવકનો દાખલો **<u>અસલમાં</u>** રજૂ કરવો.

(૭) **સોગંદનામુઃ** આપના કુટુંબની વાર્ષિક આવક તથા જરૂરી માહિતી અંગે નકકી કરેલ નિયત નમૂના મુજબ રૂ. ૨૦/- ના સ્ટેમ્પ પેપર પર નોટરી અથવા મામલતદાર કોર્ટમાં સોગંદનામુ કરાવીને **<u>અસલમાં</u>** રજૂ કરવું. (નમૂનો સામેલ છે.)

(૮) **ભલામણપત્રઃ** માન. મુખ્મંત્રીશ્રીના રાહતફંડમાંથી દર્દીને સહાય આપવા અંગે માન. સંસદસભ્યશ્રી અથવા માન. ધારાસભ્યશ્રીનો ભલામણપત્ર **<u>અસલમાં</u>** રજૂ કરવો. (આ ભલામણપત્ર માન. મુખ્યમંત્રીશ્રીને સંબોધન કરીને લખવા વિનંતી.)

**(નોંધઃ રૂ. ૨૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી અથવા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ નીચેના નમૂનામાં સોગંદનામુ કરવું.)**

## <u>સો ગં દ ના મુ</u>

હું શ્રી ...................................... જાતે ................. ઉંમર વર્ષ ................ ધંધો ...................... રહે. ................................ તાલુકો ................................ જિલ્લો ................................... સોગંદપૂર્વક જાહેર કરૂં છું કે, મારા ઉપાર્જનમાંથી વાર્ષિક રૂ. ................. (અંકે રૂપિયા ................................................................................) આવક થાય છે.

(૨) હું સોગંદપૂર્વક જણાવું છું કે, મારા પતિ/પત્ની/પુત્રી/માતા/પિતા .................................................. ઠેકાણે ........................... નો ધંધો/નોકરી કરે છે. તેમની વાર્ષિક આવક રૂ. ........................... છે.

(૩) હું સોગંદપૂર્વક જાહેર કરૂં છું કે, મારા સમગ્ર કુટુંબની વાર્ષિક આવક રૂ. ............................. (અંકે રૂપિયા ...................................................................... પુરા) થાય છે.

(૪) હું આ સોગંદનામુ મને/મારા પિતા/માતા, પતિ/પત્ની, પુત્ર/પુત્રી, ભાઇ/બહેન નામે ....................................................... ઉંમર વર્ષ ..................... ને ......................................... રોગની સારવાર/ઓપરેશન માટે ............................................... હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે અને તેના ઓપરેશન ખર્ચને પહોંચી વળવા સહાય મેળવવા માટે કરૂં છું. મારી/તેમની સારવાર/ઓપરેશન માટે સદરહુ હોસ્પિટલના ડૉકટરે રૂ. ......................... ના ખર્ચનો અંદાજ આપેલ છે. આ ખર્ચને પહોંચી વળવા હું કે મારૂં કુટુંબ સમર્થ નથી. તેથી માન. મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી રૂપિયા ......................... (અંકે રૂપિયા ............................................. પુરા) ની સહાય મંજૂર કરવા મેં રજૂઆત કરી છે, તે બાબત સાચી છે.

(૫) હું જાહેર કરૂં છું કે,

- (અ) સદરહુ હોસ્પિટલે આપેલ અંદાજ મુજબ ઓપરેશન ખર્ચ કરવામાં આવેલ નથી કે ઓપરેશન કરાવવામાં આવેલ નથી.
- (બ) મે કે મારા કુટુંબના સભ્ય નોકરી કે વ્યવસાય કે પેન્શનના ભાગરૂપે રીએમ્બર્સમેન્ટ (ખર્ચ સરભર)નો લાભ મેળવતા નથી તથા કોઇપણ પ્રકારના વિમાના રક્ષણ હેઠળ વળતરનો લાભ લીધેલ નથી.
- (ક) આ સારવાર/ઓપરેશન માટે આ અગાઉ માન. મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી સહાય મેળવવા માટે અરજી કરી નથી તેમજ સહાય પણ મેળવી નથી.

(૬) મેં રજૂ કરેલી વિગતોના આધારે મને સહાય ચૂકવવામાં આવી હશે અને તપાસના અંતે જો તે વિગતો ખોટી જણાશે તો ચૂકવાયેલ રકમ પરત ભરવા હું આથી બાંહેધરી આપું છું.

ઉપરોકત દર્શાવેલ તમામ વિગતો સાચી અને ખરી છે. ખોટી માહિતી આપવી તે ફોજદારી ગુનો બને છે તે હું જાણું છું. આજ તારીખ ............................... ને ................................ વારના રોજ સદરહુ સોગંદનામુ રજૂ કરૂં છું.

સ્થળઃ

.............................................................

સાક્ષીની સહીઃ (સોગંદ કરનારની સહી)

(૧) નામઃ

સરનામુઃ

(૨) સહીઃ

નામઃ

સરનામુઃ

નોટરી/એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની
સહી/નામ, અને સિકકો

સીલ

ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડના
નિયમોના નિયમ–૩ હેઠળ આવરી લેવાયેલ
રાહત ક્ષેત્રો વિસ્તૃત કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીનું રાહત ફંડ,
મહેસુલ વિભાગ,
ઠરાવ ક્રમાંક :સીએમએફ/૩૬૨૦૧૭/નિયમ–૩ સુધારો/ફંડ,
સચિવાલય,ગાંધીનગર.
તા.૦૨/૦૮/૨૦૧૭

**સંદર્ભ**:–

૧. મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક:એસસીવાય/૩૬૬૬/૨૦૧૭/૪૯૬૨/સ. તા.૨૦/૦૯/૧૯૬૭.

૨. મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક:સીએમ એફ/૩૬૭૯/ઓડિટ રૂલ્સ/૧૭/ફંડ,તા.૦૯/૦૧/૧૯૮૪.

૩. મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક:સીએમ એફ/૩૬૯૧/મુમક નોંધ/૮૬૩/ફંડ,તા.૩૦/૦૧/૧૯૯૧.

૪. મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક:સીએમ એફ/૩૬૯૯/મુમક/૪૧૦૨/ફંડ,તા.૦૫/૦૧/૨૦૦૦.

–: **ઠરાવ** :–

ગુજરાતના માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાંથી કુદરતી આપત્તિ અંગે જરૂરી સહાય અસરગ્રસ્તોને આપવામાં આવે છે. આ ફંડમાંથી ગુજરાત રાજયમાં તાજેતરમાં બનાસકાંઠા અને પાટણમાં અતિવૃષ્ટિથી થયેલ માલ મિલ્કત અને પશુ–માનવ મૃત્યુથી થયેલ ભારે ખુવારીમાં અસરગ્રસ્તોને તાત્કાલિક મદદરૂપ થઈ શકાય તથા ભવિષ્યમાં પણ આવા કે અન્ય પ્રકારના રાજયની અંદર બનતા અપવાદરૂપ કિસ્સામાં અસરગ્રસ્તોને મદદરૂપ થઈ શકાય તેવા ઉમદા હેતુસર માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત નિધિના નાણાંનો ઉપયોગ કરી શકાય તે માટે માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડના નિયમોમાં જરૂરી ફેરફાર કરવાનું સૂચન તા.૦૧/૦૮/૨૦૧૭ના રોજ માન. મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને બનાસકાંઠા અને પાટણ જિલ્લાના અસરગ્રસ્તોને મદદરૂપ થવાય તે હેતુસર વિસ્તૃત ચર્ચા વિચારણા અર્થે એક મીટીંગનું આયોજન થયેલ. તેમાં ગુજરાતના માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડના વહીવટ માટેની સમિતિએ સહાનુભૂતિપૂર્વક ચર્ચા કરી પુખ્ત વિચારણા બાદ ઉર્પયુકત સંદર્ભમાં દર્શાવેલ ઠરાવથી મંજૂર કરેલ અને વખતો વખત સુધારેલ અને બહાર પાડેલ નિયમો પૈકી નિયમ–૩ માં દર્શાવેલ રાહતના ક્ષેત્રોનું વિસ્તૃતીકરણ કરી તે નિયમ–૩ હેઠળ આવરી લેતાં આ **નિયમ –૩**માં ફેરફાર કરીને પ્રાસ્તાવિક નિયમ નીચે મુજબનો રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨ " ગુજરાત રાજયમાં વરસાદની અશંતઃ અથવા સંપૂર્ણ નિષ્ફળતા અને તેને પરિણામે પાકની અંશતઃ અથવા સદંતર નિષ્ફળતાના રૂપમાં થતી અસર તથા માનવસર્જિત આપત્તિઓ જેવી કે, કોમી રમખાણો,મોટા કરૂણ અકસ્માતોના પરિણામે મૃત્યુ પામતાં/ઈજા પામતા વ્યકિતઓ,રાષ્ટ્રીય સંકટ જેવું કે,સરહદે માભોમની રક્ષા કાજે પ્રાણની આહુતિ આપનાર તથા તેમાં ઈજાગ્રસ્ત થતાં જવાનો/અધિકારીઓને સહાય અને/અથવા લોન આપી શકાશે. આ ઉપરાંત કુદરતી આપત્તિઓ જેવી કે,પૂર,અતિવૃષ્ટિના આગોતરા પ્રતિકાર માટે પૂર નિયંત્રણ પાળાઓ અને તેના જેવા અન્ય પૂર પ્રતિબંધક બાંધકામ,જો નુકસાન થયું હોય તો તાકીદે મરામત કરાવવા/સુધારા કારાવવા/વધારા માટેનો ખર્ચ કરવાનો પણ આ ફંડનો હેતુ રહેશે.આમ છતાં અપવાદરૂપે ફંડનો ઉપયોગ **ગુજરાત રાજયની અંદર તેમજ ગુજરાત રાજયની બહાર પણ** કોઈપણ કુદરતી/માનવસર્જિત આફતોથી અસરગ્રસ્તોને રાહત

પાછળનું પૃષ્ઠ જોવા વિનંતી...

આપવા માટે કરી શકાશે તથા આ ફંડનો ઉપયોગ શારીરિક ખોડખાંપણ ધરાવતી વ્યકિતઓને તેમજ કેન્સર,હાર્ટ સર્જરી તથા મુત્રપિંડના ગંભીર પ્રકારના રોગો વગેરેમાં વૈદિક સારવાર માટે યોગ્ય ગુણવત્તાવાળી જરૂરિયાતમંદ કિસ્સામાં પણ સમિતિની મંજૂરીથી સહાય આપી શકાશે."

૩. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડની કાર્યવાહક સમિતિની તા.૦૧/૦૮/૨૦૧૭ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( અનિલ પ્રજાપતિ )
સચિવ
મુખ્ય મંત્રીશ્રીનું રાહત ફંડ
મહેસૂલ વિભાગ,ગુજરાત સરકાર

**પ્રતિ,**

—માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન ગાંધીનગર.

—માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

—માન.સર્વે મંત્રીશ્રી/રાજયકક્ષાના મંત્રીશ્રી અને નાયબ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.

—માન.મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર

—અગ્રસચિવશ્રી(મહેસૂલ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

—એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ.

— પગાર અને હિસાબી કચેરી,ગાંધીનગર.

— કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ ગુજરાત અમદાવાદ/ગાંધીનગર.

—નાણાં વિભાગ 'ઝ' શાખા ,સચિવાલય,ગાંધીનગર.

—સર્વે વિભાગો,સચિવાલય,ગાંધીનગર.

—નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,ગાંધીનગર/અમદાવાદ.

—સર્વે શાખાઓ મહેસૂલ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

—કમિશ્નર ઓફ સેલ્સટેક્ષ ગુજરાત અમદાવાદ/ગાંધીનગર.

—સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી(તેમના જિલ્લાના ફંડના અધિકૃત અધિકારીશ્રીઓને જાણ કરવાની વિનંતી સહ)

—સર્વે કલેકટરશ્રી ( તેમના જિલ્લાના ફંડના અધિકૃત અધિકારીશ્રીઓને જાણ કરવાની વિનંતી સહ)

—સિલેકટ ફાઈલ.